
### કલમ–૪(૧)(બી)(૩)

## દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ

## બ્રીજસેલ

## <u>સુરત મહાનગરપાલિકા</u>

## જવાબદારીની પેટર્ન



## દેખરેખ અને જવાબદારીના માઘ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપઘ્ધતિ :

બ્રીજસેલ વિભાગ અંતર્ગત હાથ ધરવામાં આવતી મુખ્ય કામગીરીઓ અંગેની વિગત નીચે મુજબ છે.

### (અ) બ્રીજ સેલના નવા કામોની નિર્માણ પ્રક્રિયા : કાર્યપઘ્ધતિ

— સમગ્ર સુરત શહેર માટે હદ વિસ્તરણ, પછીના તમામ વિસ્તારમાં ટ્રાફીકની સમસ્યા નિવારણ અર્થે વસ્તીને ઘ્યાને લઈને વિવિધ પ્રકારના બ્રીજો બનાવવા કન્સલટન્ટની નિમણુંક કરવી.

— શહેરના વિવિધ વિસ્તારો માટે કન્સલટન્ટ ઘ્વારા તૈયાર કરાયેલ તબકકાવાર ડીટેઈલ / ફીઝીબીલીટી પ્રોજેકટ રીપોર્ટ મુજબ બ્રીજનું આયોજન કરવું.

— જરૂરીયાત મુજબ વિવિધ પ્રકારનાં બ્રીજ બાંધવા માટે અથવા તેના કોઈ એક ભાગના અમલીકરણની કામગીરી માટે છેલ્લા વર્ષના ઉપલબ્ધ એસ.ઓ.આર ના ભાવો મુજબ અંદાજ તૈયાર કરી સક્ષમ સમિતિની તેમજ સામાન્ય સભાની મંજુરી માટે રજુ કરવા.

— મંજુર થયેલા અંદાજ મુજબ કામગીરી માટે મહાનગરપાલિકાનાં પ્રવર્તમાન નિતી–નિયમો મુજબ જાહેર ટેન્ડરો મંગાવવાની કાર્યવાહી કરવી.

— જાહેર ટેન્ડર અન્વયે આવેલ ટેન્ડરોની યોગ્યતા ચકાસી કામગીરી કરાવવાની મંજુરી માટે સક્ષમ સત્તાને રીપોર્ટ કરવો.

— મંજુર પ્રોજેકટના અંદાજ–ટેન્ડરને લગતી કામગીરી કરી વર્કઓર્ડર આપવા તથા મહાનગરપાલિકાનાં પ્રવર્તમાન નિતી–નિયમો મુજબ કામગીરી કરાવવી.

— સરકારશ્રીમાં તબકકાવાર પ્રોગ્રેસ રીપોર્ટ મોકલી ગ્રાંટ રીલીઝ કરાવવાની કામગીરી.

— સ્થળ પર સુપરવીઝન કરી થયેલ કામનાં માપ–મેઝરમેન્ટ ચકાસણી કરી ઈજારદારને ચુકવણાની મંજુરીની કાર્યવાહી કરવી.

— કામગીરીનાં અંતિમ બીલો તૈયાર કરવા.

— સમગ્ર પ્રક્રિયામાં જરૂરિયાત મુજબ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરનાર એજન્સી, સોઈલ કન્સલ્ટન્ટ, સ્ટ્રકચરલ કન્સલ્ટન્ટ, પ્રોજેકટ કન્સલ્ટન્ટ તથા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન એન્ડ મોનીટરીંગ એજન્સીની નિમણૂકને લગતી તથા તેઓના પેમેન્ટને લગતી તમામ કાર્યવાહી કરવી.

### દેખરેખ અને જવાબદારીનું માઘ્યમ :

ઉપરોકત નિર્માણ પ્રક્રિયાના તબકકાઓમાં નીચેની વિગતે જવાબદારી માઘ્યમ નકકી થયેલ છે. સ્થળ પર કામગીરીની દેખરેખ ટેકનીકલ આસીસ્ટન્ટ તથા સુપરવાઈઝર ઘ્વારા કરવામાં આવે છે.

**ટેકનીકલ આસીસ્ટન્ટ→સુપરવાઈઝર (સીવીલ) →આસી./જુની. ઈજનેર →ડેપ્યુટી ઈજનેર →કાર્યપાલક ઈજનેરશ્રી(બ્રીજ) → એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ) →કમિશ્નરશ્રી**

### (બ) મરામત અને નિભાવના કામોની નિર્માણ પ્રક્રિયા : કાર્યપઘ્ધતિ

સમગ્ર શહેરમાં બાંધવામાં આવેલ વિવિધ પ્રકારનાં બ્રીજો નિયત સમયાતંરે રંગરોગાન, વાર તહેવાર પ્રસંગે બ્રીજોની સાફસફાઈ, બ્રીજો પર ચેઈનલીક ફેન્સીગની કામગીરી કરાવવી, બ્રીજના વેરીંગ કોટમાં પડતા પોટહોલ / ખાડાની રીપેરીંગની કામગીરી કરાવવી, બ્રીજના વિવિધ ભાગોમાં વખતો વખત જરૂરીયાત મુજબ કન્સલટન્ટશ્રીનાં અભિપ્રાયો / વિકલ્પો / અંદાજ મુજબ રીપેરીગની કામગીરી કરવામાં આવે છે.

**દેખરેખ અને જવાબદારીનું માઘ્યમ :**

ઉપરોકત પ્રક્રિયાના તબકકાઓમાં નીચેની વિગતે જવાબદારી માઘ્યમ નકકી થયેલ છે. સ્થળ પર કામગીરીની દેખરેખ સુપરવાઈઝર /ટેકનીકલ આસીસ્ટન્ટ ઘ્વારા કરવામાં આવે છે.

**ટેકનીકલ આસીસ્ટન્ટ / સુપરવાઈઝર (સીવીલ) →આસી./જુની. ઈજનેર(સીવીલ) →ડેપ્યુટી ઈજનેર (સીવીલ) →કાર્યપાલક ઈજનેરશ્રી (બ્રીજ) → એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ) →કમિશ્નરશ્રી**

**ડેપ્યુટી ઈજનેર (બ્રીજ)**
**અને**
**જાહેર માહિતી અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**